પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/નાતાલ જાહેરનામું/[illegible]/૨૦૨૨ તા.[illegible]/૧૨/૨૦૨૨

ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩

## જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩( ૧૯૭૪ના નં ૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની ક્રમલ ૩૩(૧)(b), કલમ ૩૩(૧)(U) મુજબ

વંચાણે લીધા: (૧) ગૃહવિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગરના તા ૧૨/૧૦/૨૦૨૨ના ક્રમાંક:- વિ.૨/ઈએસએ/૧૩૨૦૧૫/જીઓઆઇ-૧૧૨ અન્વયે

(૨) નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૭૨૮/૨૦૧૫ ના આદેશ અન્વયે ગૃહ વિભાગના તા:૦૩/૧૧/૨૦૧૮ નાં પરિપત્ર: વિ-૨/ઈએસએ/૧૩/૨૦૧૫/જીઓઆઇ-૧૧૨

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫ ના કામે તા. ૨૩/૧૦/૨૦૧૮ તથા તા. ૩૦/૧૦/૨૦૧૮ તથા તા:૨૯/૧૦/૨૦૨૧ ના આદેશથી ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશા-નિર્દેશો કરેલ છે. આગામી તા:૨૫/૧૨/૨૨ ના રોજ નાતાલ (ક્રિસમસ) તથા તથા તા:૩૧/૧૨/૨૨ થી તા:૦૧/૦૧/૨૦૨૩ ના રોજ નવા વર્ષની ઉજવણી દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ શહેર વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા વપરાશ ઉપર નિયંત્રણ મુકવું ઇષ્ટ જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહવિભાગના તા ૦૮/૧૧/૧૯૮૨ના નોટીફિકેશન નંબર : જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા ૦૭/૦૧/૧૯૮૯ના સંકલિત જાહેરનામા નં : જીજી/ફકઅ/૧૦૮૮/૯૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધીનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (b), કલમ ૩૩ (૧) (u) મુજબ અમદાવાદ કમિશ્નરેટ વિસ્તારમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને ફટાકડા ફોડવા અંગે નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

(૧) નાતાલ (ક્રિસમસ) ઉજવણી તા:૨૪/૧૨/૨૦૨૨ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૨૫/૧૨/૨૦૨૨ ના કલાક ૦૦:૩૦ તથા નવા વર્ષની ઉજવણી અંતર્ગત તા:૩૧/૧૨/૨૦૨૨ ની રાત્રી ના કલાક ૨૩:૫૫ થી તા:૦૧/૦૧/૨૦૨૩ ના કલાક ૦૦:૩૦ સુધીમાં જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૩) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર(૧૨૫ ડેસીબલ યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ(સી) પી.કે.થી ઓછો અવાજ પેદા કરે તેવા) તેમજ ઓછા એમિશન ઉત્પન કરે તેવા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર "PESO સુચના પ્રમાણેનું" માર્કિંગ હોવું ફરજીયાત છે.

(૪) હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવે છે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

(૫) વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધિત ઘોષિત થયેલ છે. જેથી કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૬) ફ્લીપકાર્ટ, એમેઝોન સહીતની કોઇ પણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

(૭) લોકોને અગવડ ઊભી ન થાય કે, કોઈપણ ભયજનક પરિસ્થિતનું નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇમથકની નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

(૮) કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહિ તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહિ.

(૯) નાતાલ (ક્રિસમસ) તથા નવા વર્ષની ઉજવણી દરમ્યાન પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે માટે નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાના આદેશ મુજબ બેરીયમના ઉપયોગ પર પ્રતિબંધ મુકેલ છે, જેથી માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા GREEN FIRE CRACKERS (ગ્રીન ફાયર ક્રેકર્સ) નો વેચાણ તથા ઉપયોગ કરી શકાશે.

પ્રતિબંધિત વિસ્તાર :

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો અમલ તારીખ : ૨૩/૧૨/૨૦૨૨, કલાક:૦૦/૦૦ થી તા ૦૨/૦૧/૨૦૨૩, કલાક:૨૪/૦૦ સુધી રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ શહેર પોલીસ કમિશનરરેટ વિસ્તારમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારિશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ અને અન્ય કાનુની જોગવાઈઓ સહિત જી.પી.એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની જાહેર પ્રસિધ્ધ માટે સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ ચોંટાડી,લાઉડ સ્પીકર દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી, દુરદર્શન દ્વારા બહોળી રીતે પ્રસિધ્ધ કરાવવું. ગુજરાત પોલીસ એક્ટ ૧૯૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ :૧૭/૧૨/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બૅરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧,૨/ક્રાઈમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઈન્ટે.), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર. (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી તથા લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં )
(૨૩) પો.ઈન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૫) પો.સબ.ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.
(૨૬) C.P. Ahmedabad website, twitter handle, Facebook page વિગેરે Social Media ઉપર પ્રસિધ્ધ થવા બાબત.